**– :: આંક – ૧ હેઠળ હુકમ ::–**

હાલના કામના કેસ પેપર્સ વંચાણે લીધા. હાલનો કેસ પોલીસ તપાસના ચાર્જશીટ આધારેનો સમન્સ ટ્રાયબલ કેસ છે, આરોપીને હાજર રાખવા વારંવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ છે. છતાં, આરોપીને પ્રોસેસ બજેલાનું રેકર્ડ ઉપર જણાય આવતું નથી, સમન્સ/વોરંટ વગર બજયે પરત થયેલો છે, જેથી આ કેસની કાર્યવાહી આગળ વધી શકતી નથી, અને છેલ્લા ઘણા સમયથી કોઈ પ્રોગ્રેસ નથી, આ કામે આંક–૦૪ થી કોર્ટ દ્વારા નિકળેલ પ્રોસેસનો શેરો વંચાણે લેતા, હાલના કેસમાં પોલીસ એજન્સી તથા પ્રોસીક્યુશન એજન્સી આરોપીને પ્રોસેસ બજાવવામાં નિષ્ફળ નિવડેલ છે, અને નજીકનાં ભવિષ્યમાં કેસ આગળ ચાલી શકે તેવી કોઈ શકયતા જણાતી નથી, તેમજ કેસની કાર્યવાહી ચાલુ રાખવાથી પણ કોઈ ફળદાયક પરીણામ મળવાની શકયતા જણાતી નથી. હાલનો કેસ આરોપી વિરૂધ્ધ ચાલુ રાખવામાં આવે તો આરોપી વિરૂધ્ધ વારંવાર બિનજામીનપાત વોરંટ ઈસ્યુ કરવા પડે, અને ફાઈલ નિયમિત રીતે બોર્ડ ઉપર ફરતી રાખવામાં આવે, તે સંજોગોમાં આવા પ્રકારની નોન ઈફેકટીવ ફાઈલ ફરતી રાખવામાં કોર્ટના કિંમતી સમયનો બગાડ થાય તેમ છે આથી નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

બી.એન.એસ.એસ.ની કલમ–૨૮૧ મુજબ આરોપી **સતિષભાઇ ભીખુભાઇ ખુમાણ**નાઓની સામે પ્રોહી એકટ ૬૬ (૧) બી, એમ.વી.એકટની કલમ ૧૮૫ મુજબ તહોમત માટે આરોપી સામે કેસ કાર્યવાહી બંધ કરી, કેસ ફૈસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. તથા આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલ નો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ, આજ રોજ તારીખ ૧૧ મી, માહે–જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

બાવળા

તા ૧૧/૦૭/૨૦૨૬

**( વિશુ શક્તિદિપસિંહ ઝાલા )**
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુ.મેજી.ફ.ક.બાવળા.
UIC No.GJ-01669